ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

DST

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 4th June, 2025

પ્રતિ,
તંત્રી શ્રી,
જય વિજ્ઞાન,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને GEER Foundation દ્વારા
## Beat Plastic Pollution થીમ હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ – ૫ મી જુને કુડા દરિયા કિનારા સફાઈ કરાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું ‘કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર’ વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

5 જૂન 2025 – દર વર્ષે 5 જૂને ઉજવાતા વિશ્વ પર્યાવરણ દિવસનો હેતુ પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા માટે જનજાગૃતિ વધારવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા શરૂ કરાયેલો આ દિવસ દુનિયાભરમાં પર્યાવરણીય મુદ્દાઓ પર વિચારવિમર્શ અને ક્રિયાપ્રતિક્રિયા માટેનો સૌથી મોટો પ્લેટફોર્મ બની ગયો છે.

આ વર્ષે 2025ના પર્યાવરણ દિવસની થીમ છે **"પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત - સૃજનશીલ ઉકેલો માટેનું આહવાન"** (Beat Plastic Pollution – Call for Creative Solutions). આ થીમ અંતર્ગત એકવખત વપરાતા પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા, પુનઃઉપયોગ અને રિસાયકલિંગને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે તા.૦૫-૦૬-૨૦૨૫ ને ગુરુવારના રોજ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન, ગાંધીનગરના ઉપક્રમે કુડા દરિયા કિનારાને પ્લાસ્ટિક ફ્રિ બનાવવના ઉદ્દેશ્યથી દરિયા કિનારા સફાઈ અને નાઇટ ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે..

દરિયા કિનારા સફાઈ અને ટ્રેકિંગ દરમ્યાન દરિયા કિનારાની સફાઈ સાથે દરિયાઈ સજીવ સૃષ્ટિ વિષે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ઉપરાંત પ્લાસ્ટીકથી થતા દરિયાઈ અને જમીન પ્રદૂષણ વિષે સમજુતી આપવામાં આવશે. રાત્રીના સમયે ટેલીસ્કોપ દ્વારા આકાશ દર્શન કરાવવામાં આવશે. સાથે સાથે પર્યાવરણ રમતો પણ રમાડવામાં આવશે.

જે અંગેની વધુ વિગતો માટે **www.krcscbhavnagar.org** અથવા **886657011 WhatsApp** દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનો સંપર્ક કરી શકાશે.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.